નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની નાયબ નિયામકશ્રી(અ.જા.ક.) ની કચેરી જિ.બનાસકાંઠા અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી જિ.પં. આણંદ માટે નવા વાહન ખરીદવા અંગે મંજૂરી આપવા બાબત.

રૂ.૧૪.૦૦ લાખ.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૯/ન.બા-૧/જ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:- ૦૫/૦૧/૨૦૨૨

વંચાણમાં લીધા-

(૧) વિભાગનો તા:૨૯/૦૬/૨૦૨૧ નો સરખા ક્રમાંકનો ઠરાવ તથા તા:૨૭/૦૭/૨૦૨૧નો સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૩/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/રેકર્ડ/૯૭૨૦૨૧/૫

(૩) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો તા:૦૬/૦૩/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:જીટીએસ-૩૧૯-૧૦૨૦૧૩-પ.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમ:(૧) પરના વિભાગના તા:૨૯/૦૬/૨૦૨૧ના સરખા ક્રમાંકના ઠરાવ તથા તા:૨૭/૦૭/૨૦૨૧ના સરખા ક્રમાંકના સુધારા ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની નાયબ નિયામકશ્રી(અ.જા.ક.)ની કચેરી જિ.બનાસકાંઠા અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી જિ.પં. આણંદ માટે નવા વાહન ખરીદવા અંગે વાહનદીઠ રૂ.૭.૦૦ લાખ પ્રમાણે રૂ.૧૪.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ:(૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૩/૧૨/૨૦૨૧ના પત્રથી વંચાણે લીધેલ ક્રમ:(૩) પરના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૯ના ઠરાવની નવી વાહન નીતિ મુજબના વાહનોના મોડેલ GEM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોઇ, BS-VI ધોરણ ધરાવતાં વાહનના મોડેલ કે જે GEM પોર્ટલ પર ઉપલબ્ધ છે, તેમાંથી કોઇ મોડલ પૈકી કોઇ એક વાહનના મોડેલ ખરીદવા અંગેની મંજૂરી આપવા અત્રે દરખાસ્ત મોકલી આપેલ છે, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.બનાસકાંઠા અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિ.પં. આણંદની કચેરી એમ બે જિલ્લા કચેરીઓ માટે નવા વાહન ખરીદવા માટે MAHINDRA AND MAHINDRA BOLERO B2 BS VI મોડેલની ખરીદી GEM પોર્ટલ પરથી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. વિભાગના તા:૨૮/૦૬/૨૦૨૧ના સરખા ક્રમાંકના ઠરાવથી નિયત કરવામાં આવેલ અન્ય શરતો યથાવત રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર બંદરો અને વાહન વ્યવહાર વિભાગની તા:૨૯/૧૨/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે.

(દિગ્વિજયસિંહ ચંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
7. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
8. સેક્શન અધિકારી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે
10. પસંદગી ફાઇલ- ૨૦૨૨.